**<u>કચ્છ – માંડવીનાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં. ૧૨૮૬/૨૦૨૨**

**આરોપીનું નામ :–** <u>કનુભા તેજમલજી મકવાણા, રહે.મોટી ઉનડોઠ, તા.માંડવી–કચ્છ</u>

**સવાલ :–** ચાર્જશીટમાં જણાવેલ વિગતે તમો આરોપીએ <u>ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી</u> મુજબનો ગુનો આચરેલાનો ત્હોમત છે તે ગુનો તમોને કબુલ છે ?

**જવાબ :–** <u>હા, મને ગુનો કબુલ છે.</u> મારી રૂબરૂ,

×________________________

**(એચ.એસ.ચાવડા)**
જયુડી. મેજી. ફ.ક.,
માંડવી–કચ્છ.

આ કામના આરોપી આજરોજ અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરુપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫(૨) અન્વયે <u>ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી</u> ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.<u>૧૦૦</u>/– અંકે રૂપિયા <u>એકસો</u> પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે .

હુકમ આજરોજ લોક અદાલતમાં સ્પે.સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૩–૦૫–૨૦૨૩
માંડવી–કચ્છ.

**( એચ.એસ.ચાવડા)**
જયુડી. મેજી. ફ.ક., માંડવી–કચ્છ
જીજે૦૧૫૩૪